# હોળી, ધૂળેટી પર્વનું આધ્યાત્મિક રહસ્ય



**જ્ઞાનામૃત**
**બ્રહ્માકુમાર અનિલ**

હોળીનો તહેવાર ભારતના મુખ્ય તહેવારોમાંથી એક છે પરંતુ આજે આ તહેવારનું રૂપ એના મૂળ રૂપથી બિલકુલ બદલાઈ ચૂક્યું છે. વાસ્તવમાં આ તહેવાર એક મહત્ત્વપૂર્ણ આધ્યાત્મિક તહેવાર હતો પરંતુ આજે આ તહેવાર મનાવતો માનવી જ્ઞાન-ધ્યાનને એકતરફ રાખીને ફક્ત બાહ્ય આડંબરો, મસ્તીમજાકને પ્રાથમિકતા આપે છે. આ પ્રકારની ઉજવણી જોઈને બુધ્ધિજીવી જનસમુદાયના મન પર આ તહેવાર વિશે ઘૃણા ઉત્પન્ન થાય છે. વર્તમાન સમયે એ આવશ્યકતા છે કે આ હોળીના તહેવારનું આધ્યાત્મિક રહસ્ય માનવી જાણે અને એ જાણીને સાચા અર્થમાં ઉમંગ-ઉલ્લાસ સાથે તહેવારો ઉજવે તો માનવીને સાચી દિશા મળી રહે. સાચો આનંદ માણી શકે.

પૌરાણિક દંતકથા મુજબ પ્રહલાદ વિષ્ણુને ભગવાન તરીકે ભજે છે પરંતુ તેના પિતા હિરણ્યકશ્યપ, વિષ્ણુને ભગવાન ન માનતા પોતાની જાતને જ સર્વેસર્વા ઈશ્વર માનીને પ્રહલાદના મૃત્યુ માટે યુક્તિ અજમાવે છે. આ યુક્તિમાં હિરણ્યકશ્યપની બહેન અર્થાત્ પ્રહલાદની ફોઈ ‘હોલિકા’ નામની રાક્ષસીને અગ્નિ ન બાળી શકવાનું વરદાન હોવાથી હોલિકા પ્રહલાદને ખોળામાં લઈને બેસે છે અને હોળીના લાકડા પ્રગટાવવામાં આવે છે. ઓચિંતુ ન ધાર્યું પરિણામ આવે છે. ઊલટું જ થાય છે. જેને રામ રાખે તેને કોણ ચાખે. આ કથાનું આધ્યાત્મિક રહસ્ય એ છે કે ઈશ્વરીય શક્તિની મદદથી અગ્નિની જવાળાઓમાં પરમાત્મા અર્થાત્ આસુરી વૃત્તિઓના પ્રતીકસમી રાક્ષસી હોલિકા બળી મરે છે અને દૈવીવૃત્તિઓના પ્રતીક સમાન પ્રહલાદ બચી જઈને જીવતો બહાર આવે છે. આ સમયે સ્થંભમાંથી ભગવાન પ્રગટ થાય છે અને અસુરોના રાજા હિરણ્યકશ્યપનો વધ કરે છે. હિરણ્યકશ્યપ પણ આસુરી સંસ્કારોનું પ્રતીક છે. વિષ્ણુ ભક્ત પ્રહલાદનો વિજય થાય છે. આ ઘટના સમાજને સંદેશ આપે છે કે હોળીનું પર્વ પાપ પર પુણ્યનું, અસત્ય પર સત્યનું, અંધકાર પર પ્રકાશનું, આસુરીવૃત્તિ પર દૈવીવૃત્તિનો હંમેશાં વિજય થાય છે.

હોળી પર્વ દરમ્યાન થતી ગતિવિધિનાં રહસ્યને સમજી લઈએ.

(૧) લાકડાં, છાણાં વગેરે બાળવા અર્થાત્ આપણે કરેલાં બૂરાં કાર્યો તથા આસુરી સંસ્કારોને યોગનો અગ્નિ પ્રગટાવી ભસ્મ કરવા.

(૨) રંગ છાંટવો અર્થાત્ જ્ઞાન પિચકારીથી એકબીજાને પરસ્પર ઈશ્વરીય જ્ઞાનના રંગમાં રંગવા. આત્માને સત્સંગનો સંગ લગાવવો - રંગ લગાવવો.

(૩) ખજૂર-હાયડા જેવી મીઠાઈ ખાવી અર્થાત્ મધુર બોલ બોલતા રહી મુખને મીઠું બનાવવું. વાણીને મીઠી બનાવવી. કડવા બોલ ન બોલવા, મધુરભાષી બનવું.

(૪) પરસ્પર એકબીજાને આનંદ-ઉત્સાહ સાથે હળવુંમળવું અર્થાત્ મંગળ શુભભાવના અને શુભકામના સાથે મળવું, આપસમાં ઈર્ષા, દ્વેષ, શત્રુતાનો, કટુતાનો ભાવ મિટાવી ક્ષમાભાવ દાખવવો... એકબીજાની ભૂલો માફ કરવી અને પરસ્પર સ્નેહભાવ કેળવવો. અંગ્રેજીમાં (Holly)હોલી શબ્દનો અર્થ પવિત્ર થાય છે. હોળીને સાચા સ્વરૂપમાં મનાવવા માટે મન-બુધ્ધિમાંથી અપવિત્રતાને છોડી મન-વચન-કર્મથી પવિત્ર બનવું. કુદૃષ્ટિનો ત્યાગ કરવો. હિન્દીમાં હો- લી= હોલી, અર્થાત બીતી સો બીતી, એટલે કે જે થઈ ગયું તે થઈ ગયું. હવે ગફલત ન કરવી. સાચા અર્થમાં હોળી પર્વ ઉજવાય અને પર્વમાં આધ્યાત્મિક મૂલ્યોના રંગો છલકાય સાથે સાથે દિવ્યો ગુણો રૂપી સોનામાં સુગંધ પણ ભળે તો પર્વની ગરિમા ગૌરવવંતી બની રહે.

જ્યાં સુધી મનુષ્ય અધ્યાત્મ જ્ઞાનથી રંગાયો ન હોય અને અન્યોને પણ જ્ઞાન રંગે રંગ્યા ન હોય ત્યાં

> **વર્તમાન સમયે માનવી કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારના માયાવી રંગે પૂરેપૂરો રંગાયેલો જ છે ને અન્યોને પણ માયાવી રંગે રંગતો જ આવ્યો છે**

સુધી સાચો આત્મિક આનંદ, પરમાત્મા મિલનનો આનંદ પામી શક્તો નથી. આપણે જે હાલ હોળી પર્વ પર કેમિકલના રંગો છાંટીએ છીએ જે ક્ષણભંગુર, અલ્પકાલીન આનંદ માણીએ છીએ એ કેમિકલ રંગોથી ચામડીના રોગો થવા પણ સંભવ છે. વર્તમાન સમયે માનવી કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારના માયાવી રંગે પૂરેપૂરો રંગાયેલો જ છે ને અન્યોને પણ માયાવી રંગે રંગતો જ આવ્યો છે. જો એમાંથી શુધ્ધ, સ્વચ્છ અને પવિત્ર થવું હોય તો પરમાત્મા જે જ્ઞાનના સાગર છે તેમાં આત્મરૂપ બની પ્રભુની યાદમાં ડૂબકી મારીએ તો જ વિકારોનો રંગ દૂર થાય. પ્રભુના દિવ્ય ગુણોના રંગ ચઢે. સૂક્ષ્મ રાગ-દ્વેષ, ઈર્ષા, માન-અપમાન જય-પરાજય, નિંદા-સ્તુતિના વળગણો જે વળગેલાં છે તેને જ્ઞાન-યોગની અગ્નિમાં દગ્ધ કરીએ, પવિત્ર બનીએ ત્યારે સાચી હોળી-ધૂળેટી ઉજવી ગણાય.

---

# મનની માન્યતાઓ છોડ, અર્જુન !

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**
**સાધુ જ્ઞાનાનંદદાસ**

મોહનું પ્રેરક બળ છોડવાની પ્રેરણા આપીને હવે ભગવાન કૃષ્ણ મનની માન્યતાઓ છોડીને ભગવાનની શરણાગતિનું માહાત્મ્ય સમજાવે છે.

મન એક અદભુત સર્જક છે. તે ક્ષણોમાં જ વિચારોના મહેલો બાંધી દે છે અને ક્ષણોમાં જ ધ્વસ્ત કરી દે છે. ઘણી વાર આપણે મનમાં કોઈ કલ્પના ઊભી કરીએ છીએ, કોઈ માન્યતા બનાવી લઈએ છીએ, અને પછી તેને સત્ય માનીને જીવી લઈએ છીએ. પરંતુ જીવનનો અનુભવ વારંવાર એક જ પાઠ શીખવે છે, મનની માન્યતાઓ અને મનના તુક્કાઓ સર્વત્ર સત્ય નથી. તે હજી કલ્પનાઓ છે.

લૌકિક જીવનમાં જ જોઈએ તો માત્ર મનમાં વિચારી લીધાથી કોઈ કાર્ય પૂર્ણ થતું નથી. વિદ્યાર્થી માત્ર કલ્પના કરે કે હું વિદ્વાન બની ગયો છું, તો તે વિદ્વાન બની જાય નહીં. ખેડૂત મનમાં વિચારે કે પાક તૈયાર થઈ ગયો, તો ખેતરમાં અનાજ ઊગી ન આવે. વેપારી મનમાં નક્કી કરી લે કે ધંધો વધી ગયો, તો વેપાર આપોઆપ ફળતો નથી. લૌકિક જગતમાં પરિણામ માટે વાસ્તવિક પરિશ્રમ, યોગ્ય માર્ગદર્શન અને ધીરજ જરૂરી છે.



પરંતુ મનની એક બીજી ચતુરતા છે, તે આપણને ભ્રમમાં રાખે છે. એનાથી માણસ ઘણીવાર પોતાની સાચી આંતર ચેતનાને ઢાંકીને પોતાની અસત્ય માન્યતાઓને જ સત્ય ગણે છે કે. તેને લાગે કે મને બધું સમજાઈ ગયું છે, તેને લાગે કે હું સાચા માર્ગે જ છું. હકીકતમાં તે મનના તુક્કા હોય છે. જીવનની ધરતી પર જ્યારે સાચી પરિસ્થિતિઓ આવે છે, ત્યારે આ માન્યતાઓ તૂટી પડે છે.

અધ્યાત્મનો માર્ગ તો વધારે સૂક્ષ્મ અને ગંભીર છે. અહીં મનની કલ્પનાઓથી ચાલતું નથી. અહીં તો અનુભવ, શાસ્ત્ર અને સત્પુરુષના માર્ગદર્શનની જરૂર પડે છે. મન કહે કે “હું પહોંચી ગયો,” પરંતુ આત્મજ્ઞાનનો માર્ગ મનની ઘોષણાથી પૂર્ણ થતો નથી. મન કહે કે “મને ભગવાનનું સ્વરૂપ સમજાઈ ગયું છે.” પરંતુ ભગવાનનો અનુભવ તો વિનમ્રતા, સાધના અને કૃપાથી જ થાય છે.

માણસ મનને જે ગમે તે ગોઠવી લે છે. ક્યારેક તે આળસને આધ્યાત્મિક શાંતિનું નામ આપે છે, તો ક્યારેક અહંકારને આત્મસન્માન કહી દે છે. મન પોતાની જ રચનાઓમાં એટલું મગ્ન થઈ જાય છે કે સાચો માર્ગ દેખાતો નથી.

આ કારણે જ સંતો અને શાસ્ત્રો વારંવાર ચેતવણી આપે છે કે મનની બનાવેલી માન્યતાઓને અંતિમ સત્ય ન માનો. સત્યનો માર્ગ મનગમતો નહીં, પરંતુ સત્ય ગમતો હોય છે. તે માર્ગ પર ચાલવા માટે પોતાના મનને પણ પ્રશ્ન કરવો પડે છે. હા, જ્યારે માણસ પોતાની માન્યતાઓને એક બાજુ મૂકી અને સત્યને સ્વીકારવા તૈયાર થાય છે, ત્યારે જ અધ્યાત્મનો દ્વાર ખૂલે છે. ત્યાંથી આગળનો પથ મનનો તુક્કો નહીં, પરંતુ અનુભવનો પ્રકાશ માર્ગ બતાવે છે.

પ્રમુખ સ્વામી મહારાજ સમજાવતાં કે મન વિચારોનું ઘર છે. ભગવાનના સ્વરૂપ સુધી પહોંચવા માટે મનની ગલીઓમાંથી બહાર નીકળવું પડે. કારણ કે જે મનની માન્યતાઓ લૌકિક જીવનમાં પણ સફળ થતી નથી, તે અધ્યાત્મના દિવ્ય માર્ગમાં કેવી રીતે સફળ થઈ શકે?

સાચો માર્ગ એ છે, જે મનના તુક્કા નહીં, પરંતુ અંતિમ સત્ય હોય અને આ સત્ય એક પરમાત્માની સાચી શરણાગતિથી જ પ્રાપ્ત થાય છે. ભગવાન કૃષ્ણ અર્જુનને કહે છે-

“બધાં મનના આધાર અને માન્યતાઓ છોડીને મારા એકના આશ્રયમાં આવ; હું તને તમામ પાપોથી મુક્ત કરી દઈશ.”

આ વચનમાં એક વિશેષ શબ્દ છે- “મામેકં”. તેનો અર્થ છે “માત્ર એક ભગવાન”. જ્યારે ભક્તનો આશરો એક જ પરમાત્મા પર સ્થિર થઈ જાય છે, ત્યારે મનમાં દ્વંદ્વ રહેતું નથી. ભક્તિમાં સ્થિરતા આવે છે, અને જીવનમાં દિશા સ્પષ્ટ થાય છે. શરણાગતિનો અર્થ માત્ર મૌખિક રીતે “હું ભગવાનનો છું” એવું કહેવું નથી. તેનો સાચો અર્થ છે હૃદયથી સ્વીકારવું કે મારા જીવનનો આશરો, રક્ષણ અને માર્ગદર્શન માત્ર ભગવાન જ છે.

> **મનની એક બીજી ચતુરતા છે, તે આપણને ભ્રમમાં રાખે છે. એનાથી માણસ ઘણીવાર પોતાની સાચી આંતર ચેતનાને ઢાંકીને પોતાની અસત્ય માન્યતાઓને જ સત્ય ગણે છે કે. તેને લાગે કે મને બધું સમજાઈ ગયું છે, તેને લાગે કે હું સાચા માર્ગે જ છું**

જ્યારે મનુષ્ય ભગવાનને પોતાના માનીને તેમના આશ્રયમાં રહે છે, ત્યારે તેની અંદર એક આંતરિક પરિવર્તન શરૂ થાય છે. મન ધીમે ધીમે પાપ તરફ જતું અટકે છે અને સદાચાર તરફ વળે છે.

મહંત સ્વામી મહારાજ જણાવે છે કે જે જીવ ભગવાનને સર્વોપરી માનીને તેમની શરણાગતિ સ્વીકારે છે અને તેમના આજ્ઞા-ઉપદેશ મુજબ જીવન જીવે છે, તે ધીમે ધીમે માયાના બંધનોથી પર થાય છે. આવી શરણાગતિ જીવને અંતે અક્ષરધામ સુધી પહોંચાડે છે.